પ્રકરણ 13

કાર્યનું મૂલ્ય

જ્યારે તમે કોઈપણ કામ કરતા હોવ, ત્યારે તેનાથી આગળ કંઈપણ વિચારશો નહીં. તેને પૂજાની જેમ, સર્વોચ્ચ ઉપાસનાની જેમ કરો અને એ સમયે તમારું આખું જીવન તેમાં સમર્પિત કરી દો.

– સ્વામી વિવેકાનંદ

મહત્ત્વપૂર્ણ પ્રશ્નો

૧. લોકો કયા વિવિધ પ્રકારની પ્રવૃત્તિઓમાં જોડાય છે?
૨. આપણી રોજિંદી જિંદગીમાં તેમનું યોગદાન શું છે?


Z9Z2P6

અનુ અને કબીર બગીચામાં રમી રહ્યાં હતાં ત્યારે તેમણે તેમની પાડોશમાં રહેતા ગીતા કાકીને ટેક્સીમાંથી ઉતરતાં જોયાં તેઓ ફરજ પરથી ઘરે પરત ફરી રહ્યાં હતાં, તેઓ તેમના ગણવેશમાં હતાં. તે ભારતીય વાયુસેનામાં પાયલોટ હોવાને કારણે આખું શહેર તેમના પર ગૌરવ લે છે.






... પાડોશનાં બાળકોને મફત ભૂગોળ શીખવે છે.



... અમારા શાકભાજીના વાડોલિયાની સંભાળ રાખે છે, અને ...




... ઘરનાં અન્ય કાર્યો કરે છે.



મારાં માતા-પિતા એક દુકાન ચલાવે છે, જેઓ ગણવેશ અને અન્ય તૈયાર કપડાં વેચે છે. પિતા વહેલી સવારે દુકાને નીકળી જાય છે અને અમે શાળાએ ગયા પછી માતા તેમને દુકાનમાં મદદ કરે.



અમે શાળાએથી ઘરે પાછા ફરીએ ત્યાં સુધીમાં માતા મોટા ભાગે પાછી આવી જાય છે. તે એક સ્વૈચ્છિક જૂથમાં સેવા આપે છે જે સમુદાયની મહિલાઓને ગૂંથણકામ શીખવે છે.



શું તમને મારો મોટો ભાઈ રોહન યાદ છે ? જ્યારે તે મને સ્કૂલમાંથી લેવા આવ્યો ત્યારે તમે તેને મળ્યા હતા. તે એક સોફ્ટવેર એન્જિનિયર છે અને કમ્પ્યૂટર એપ્લિકેશન બનાવતી કંપનીમાં કામ કરે છે. સપ્તાહના અંતે તે નજીકની કોલેજના યુવા વિકાસ કાર્યક્રમમાં જોડાનારાઓને કમ્પ્યૂટર કૌશલ્ય (કુશળતા) શીખવવા માટે સ્વયંસેવક તરીકે કામ કરે છે.



વાહ, અનુ, આપણી આસપાસના દરેક લોકો દરરોજ ઘણા બધા પ્રકારનાં કામ કરે છે !

ચાલો, શોધીએ



અનુ અને કબીરની વાર્તાનાં પાત્રો એ કઈ કઈ પ્રવૃત્તિઓ કરે છે તે નીચે આપેલા કોષ્ટકમાં લખો.

વાર્તાનું પાત્ર	તેઓ કયા કયા કાર્ય કરે છે ?	

ઉપર ચર્ચા કરાયેલી પ્રવૃત્તિઓની જેમ વિવિધ પ્રકારની પ્રવૃત્તિઓને બે જૂથો અને વર્ગોમાં વિભાજિત કરવામાં આવી છે. આર્થિક પ્રવૃત્તિઓ અને બિન-આર્થિક પ્રવૃત્તિઓ.

આર્થિક પ્રવૃત્તિઓ તે છે જેમાં **નાણાંકીય મૂલ્ય** સામેલ છે અથવા તેમાં રૂપિયાના બદલામાં કોઈપણ ચીજવસ્તુઓની આપ-લે કરવામાં આવે છે. જે ચીજવસ્તુ કે સેવાનું મૂલ્ય, સેવા સાથે સંકળાયેલા પક્ષકારો નક્કી કરતા હોય છે. ઉદાહરણ તરીકે, વેપારીઓ **બજાર**માં સ્કૂલ બેગ વેચે છે, ખેડૂત બજારમાં ખેતપેદાશ વેચે છે, એક વકીલ વકીલાતની **ફી** વસૂલ કરે છે, એક ટ્રક ડ્રાઈવર ચીજવસ્તુઓને એક જગ્યાએથી બીજી જગ્યાએ લઈ જાય છે, એક કારીગર કાર બનાવવાના કારખાનામાં કામ કરે છે વગેરે.

નાણાંકીય મૂલ્ય : વ્યવહારમાં થતા ફાયદાના આધારે નાણાંકીય મૂલ્ય નક્કી થાય છે.

બજાર : એક એવી જગ્યા છે જ્યાં લોકો ચીજવસ્તુઓ અને સેવાઓની આપ લે (વિનિમય) કરે છે. લોકો માલ અને સેવાઓના બદલીમાં અન્ય વસ્તુઓની આપ-લે કરી શકે છે, પરંતુ મોટાભાગે બજારમાં વિનિમય માટે નાણાંનો ઉપયોગ થાય છે.

ફી : વ્યાવસાયિક સલાહ અથવા સેવાઓ માટે વ્યક્તિ અથવા સંસ્થાને કરવામાં આવતી ચૂકવણી. ઉદાહરણ તરીકે, ડૉક્ટર અથવા વકીલને ચૂકવવામાં આવતી ફી.

બિન-આર્થિક પ્રવૃત્તિ એવી હોય છે જે આવક અથવા સંપત્તિ નિર્માણ કરતી નથી, પરંતુ તે મદદ, કૃતજ્ઞતા, પ્રેમ, કાળજી અને આદર જેવી લાગણીઓ સાથે કરવામાં આવે છે.

ડાબેથી જમણે, ઉપરથી નીચે : બજારમાં એક વેપારી સ્કૂલ બેગ વેચી રહ્યો છે. બજારમાં ખેતપેદાશ વેચતો ખેડૂત તેમના પાકનું વેચાણ કરે છે. કેસની દલીલ કરી રહેલ વકીલ, એક ટ્રક ડ્રાઈવર એક જગ્યાએથી બીજી જગ્યાએ માલ લઈ જાય છે. કાર બનાવતી ફેક્ટરીમાં કામ કરતા કામદારો







જેમ કે, માતા-પિતા પરિવાર માટે રસોઈ બનાવતા હોય કે પછી પોતાનાં બાળકોને શાળાના ગૃહકાર્યમાં મદદ કરતાં હોય, યુવાનો દ્વારા દાદા-દાદી, નાના-નાનીની સંભાળ રખાતી હોય, પરિવારના સભ્યો દ્વારા ઘરની મરામતમાં મદદ કરવામાં આવતી હોય વગેરે તેનાં ઉદાહરણો છે.

ડાબેથી જમણે : પરિવાર માટે માતા-પિતા રસોઈ બનાવે છે, માતા તેનાં બાળકોને શાળાનાં કાર્યોમાં મદદ કરે છે.








ડાબેથી જમણે : દાદા-દાદીની સંભાળ લેતા યુવાનો, ઘરના નવીનીકરણમાં મદદ કરતા પરિવારના સભ્યો

ચાલો, શોધીએ



પાના નં-185 પર આપેલા કોષ્ટકમાં તમે ત્રીજી કોલમ જોઈ ? તેને 'આર્થિક/બિન-આર્થિક પ્રવૃત્તિ' એવું મથાળું આપો. હવે તેનું પ્રવૃત્તિના પ્રકાર પ્રમાણે વર્ગીકરણ કરો.

અનુ અને કબીરની વાર્તામાં ગીતા કાકી - જે વાયુસેનામાં પાયલોટ છે તેમને **પગાર** મળે છે. તે દેશની સેવા કરે છે. આ એક આર્થિક પ્રવૃત્તિ છે. અનુનો ભાઈ રોહન એક સોફ્ટવેર કંપનીમાં કામ કરે છે અને આ કામ માટે પગાર મળે છે. સપ્તાહના અંતે, તે નજીકની કોલેજના યુવા વિકાસ કાર્યક્રમનો સ્વયંસેવક પણ છે, અહીં તે યુવાનોને કમ્પ્યુટર કૌશલ્ય શીખવે છે. જે એક બિન-આર્થિક પ્રવૃત્તિ છે.

પગાર : નોકરીદાતા દ્વારા કર્મચારીને સામાન્ય રીતે માસિક ધોરણે ચૂકવવામાં આવતી એક નિશ્ચિત રકમની નિયમિત ચૂકવણી.

વિચાર કરીએ

- કબીરના દાદા સ્વેચ્છાએ પાડોશનાં બાળકોને મફતમાં ભણાવે છે. ત્યારે એ આર્થિક પ્રવૃત્તિ છે કે બિન-આર્થિક પ્રવૃત્તિ? આ પ્રવૃત્તિ તમારા શિક્ષક શાળામાં શીખવે છે. તેનાથી કેવી રીતે અલગ છે? તમારા મિત્રો સાથે ચર્ચા કરો.
- તમારા અને તમારા પરિવાર માટે કઈ બિન-આર્થિક પ્રવૃત્તિઓ મહત્ત્વપૂર્ણ છે? તે શા માટે જરૂરી છે?

આર્થિક પ્રવૃત્તિઓના પ્રકારો

કાવ્યાં તેના કાકીના ગામ કમલાપુર જવામાં ઉત્સાહિત હતી. રસ્તામાં, તેણે જોયું કે ગામ નજીક એક ધોરીમાર્ગ બનાવવામાં આવી રહ્યો હતો અને બાંધકામ સ્થળ પ્રવૃત્તિથી ધમધમી રહ્યું હતું. મોટાં મશીનો, જેમ કે ખોદકામ કરનારાં અને બુલડોઝર, સમર્પિત ટેક્નિશિયનો દ્વારા ચલાવવામાં આવી રહ્યાં હતાં.





આ ધોરીમાર્ગ બની જવાથી નજીકનાં નગર સુધી જવાનું અંતર હવે પાંચ કલાકથી માત્ર બે કલાક થઈ જશે. કાવ્યાએ વિચાર્યું જ્યારે તે બની જશે પછી તે તેની કાકીને વારંવાર મળી શકશે, કારણ કે ત્યારે મુસાફરી કરવામાં ઓછો સમય લાગશે. આ વિચારથી ખુશ થઈને કાવ્યા તેની કાકીને શુભેચ્છા પાઠવવા અને કાકીએ બનાવેલ સ્વાદિષ્ટ જલેબી ખાવા ગઈ. તેમની સાથે કાવ્યાના કાકા પણ જોડાયા હતા, જેઓ હમણાં જ નોકરી પરથી પાછા ફર્યા હતા. તે એક બાંધકામ કંપનીમાં ટેક્નિશિયન છે અને બુલડોઝર ચલાવે છે. તેમને તેમની સેવાઓ માટે માસિક પગાર મળે છે.

બીજે દિવસે કાવ્યાની કાકી વહેલાં ઊઠ્યાં અને ઘરકામ પૂરું કરીને નીકળી ગયાં.







તે ગામની પોસ્ટઑફિસમાં નોકરી કરે છે અને તેમને માસિક પગાર ચૂકવવામાં આવે છે. સાંજે તેના ઓફિસના કામ પછી, તે વિદ્યાર્થીઓને શાળાકીય પરીક્ષાઓની તૈયારીમાં મદદ કરવા માટે ઓનલાઈન વર્ગો ચલાવે છે. તે આ વર્ગો માટેની સાપ્તાહિક ફી લે છે.

સપ્તાહના અંતે કાવ્યા તેની કાકી સાથે નજીકના આંબાવાડિયામાં સ્વાદિષ્ટ કેરી ખાવા માટે ગઈ.

ત્યાં તેણીએ સાહિલ નામના એક ખેતમજૂરને જોયો, જે ટ્રેક્ટરથી ખેતર ખેડી રહ્યો હતો. તે દૈનિક **વેતન** મેળવે છે. તેને તેના આ કામની થોડી રકમ રોકડમાં મળે છે, અને બાકી રહેતું વળતર કેરીના સ્વરૂપમાં મળે છે. તેને આ કામના વળતર રૂપે ચૂકવવામાં આવતી ચૂકવણીને **'વસ્તુ વિનિમય'** (વસ્તુના રૂપમાં બિન રોકડ ચૂકવણી) પ્રકારની ચૂકવણી કહેવામાં આવે છે.

વેતનઃ નોકરીદાતા દ્વારા કામદારને ચોક્કસ સમયગાળા માટે કરવામાં આવતી ચૂકવણી.

વસ્તુ વિનિમય (Non-Cash Payment) : જે કામ કરવામાં આવ્યું હોય તેના માટે બિન-રોકડ ચૂકવણી પ્રાપ્ત થાય છે તે.

વિચાર કરીએ

આજે તમે ઘરેથી શાળાએ જતી વખતે લોકોને વિવિધ આર્થિક પ્રવૃત્તિ કરતા જોયા હશે. તેવી પ્રવૃત્તિઓ યાદ કરી શકો છો? તમને શું લાગે છે કે તેમને કેવી રીતે વળતર મળતું હશો?

આપણે હવે સમજીએ છીએ કે, આર્થિક પ્રવૃત્તિઓ એવી હોય છે જે નાણાંની દૃષ્ટિએ મૂલ્ય ધરાવે છે. આર્થિક પ્રવૃત્તિઓ કોઈક વસ્તુને બીજા સ્વરૂપમાં રૂપાંતરિત કરવાની પ્રક્રિયાના દરેક તબક્કે મૂલ્યમાં વધારો કરે છે. આને મૂલ્યવર્ધન કહેવામાં આવે છે.

આ સમજવા માટે કાવ્યાના પિતા રાજેશનો દાખલો લઈએ.



રાજેશ એક સુથાર છે જે ફર્નિચર બનાવવા માટે નજીકના બજારમાંથી ₹600માં લાકડું ખરીદે છે.



તે ફર્નિચર બનાવવા માટે ખાસ સાધનો અને અન્ય સામગ્રીનો ઉપયોગ કરે છે.



રાજેશ બજારમાં ₹1000માં એક-એક ખુરશી વેચે છે.

ખુરશી માટેના લાકડાની કિંમત ₹600 છે. તો, બાકીના ₹400 (₹1,000 - ₹600) શું છે? તે રાજેશની કુશળતા, સમય અને પ્રયત્નોનું નાણાકીય મૂલ્ય છે, જે ખુરશી બનાવવામાં ખર્ચવામાં આવ્યું હતું. રાજેશે લાકડાને ફર્નિચરમાં ફેરવીને મૂલ્યવર્ધન કર્યું. લાકડું ખરીદવાથી લઈને ખુરશી વેચવા સુધીની, આ પ્રવૃત્તિઓમાં ચૂકવણીનો સમાવેશ થાય છે. તેથી તે આર્થિક પ્રવૃત્તિઓનો એક ભાગ છે.

ચાલો, શોધીએ



જે પ્રવૃત્તિઓ/વ્યવસાયો નાણાકીય મૂલ્યનું સર્જન કરે છે. તેની સામે ✓ કરો. શું તમે નીચેની ખાલી હરોળમાં બે પ્રવૃત્તિઓ અને નાણાં સંબંધિત મૂલ્ય નિર્માણનાં ઉદાહરણો ઉમેરી શકો છો.

પ્રવૃત્તિ / વ્યવસાય	નાણાં-સંબંધિત મૂલ્ય નિર્માણનું ઉદાહરણ
1. ભઠિયારો (Baker)	
2. દરજી	
3. ખેડૂતો તેમના ટ્રેક્ટરનું રીપેરીંગ કરી રહ્યાં છે.	
4. ડૉક્ટર	
5. માતાપિતા તેમના પરિવાર માટે રાત્રિભોજન રાંધે છે.	
6. વૈજ્ઞાનિક	
7. બીમાર દાદા-દાદી અને નાના-નાનીની સંભાળ રાખતી વ્યક્તિ	
8.	
9.	

બિન-આર્થિક પ્રવૃત્તિઓનું મહત્ત્વ

જ્યારે બિન-આર્થિક પ્રવૃત્તિઓમાં નાણાંનો સમાવેશ થતો નથી પરંતુ તે મૂલ્ય નિર્માણ કરે છે તે આપણા જીવનમાં મહત્ત્વપૂર્ણ છે.

સેવા: નિઃસ્વાર્થ સેવા

આપણને મંદિરો, ગુરુદ્વારા, મસ્જિદો અને ચર્ચ જેવા ઘણા સ્થળોએ સેવાકાર્ય જોવાની તક મળે છે. ઉદાહરણ તરીકે ગુરુદ્વારામાં આવતા તમામ ભક્તોને 'લંગર' અથવા સામુદાયિક રસોડામાં નિઃશુલ્ક ભોજન પીરસવામાં આવે છે. આ પ્રથાઓ આપણા આત્મસંતોષને પોષે છે અને કૃતજ્ઞતાની ભાવનાને પ્રોત્સાહન આપે છે,

બદલામાં કંઈપણ અપેક્ષા રાખ્યા વિના સમાજમાં યોગદાન આપવાનો એક માર્ગ પણ છે.



મંદિરમાં ભક્તોને પ્રસાદનું વિતરણ



સુવર્ણ મંદિરમાં લંગર

સામુદાયિક ભાગીદારીનુ સામર્થ્ય

સ્વચ્છ ભારત અભિયાન આપણી આસપાસના વિસ્તારને સ્વચ્છ રાખવા માટે તમામ ભારતીય નાગરિકોના સામૂહિક પ્રયાસો પર આધારિત છે. વ્યક્તિગત રીતે, આપણા ઘર અને આસપાસના વિસ્તારને સ્વચ્છ રાખીએ છીએ. શેરીઓ, રસ્તાઓ, ઉદ્યાનો અને અન્ય જાહેર સ્થળો અથવા સામુદાયિક વિસ્તારોની સફાઈ માટે પણ લોકો એકઠા થાય છે. સાથે મળીને આ પ્રયત્નો સ્વચ્છ ઘર, પાડોશ, સમાજ અને રાષ્ટ્ર તરફ દોરી જાય છે.



સ્વચ્છ ભારત અભિયાન



વન મહોત્સવ

ભાગીદારીનું વધુ એક ઉદાહરણ ભારતમાં વૃક્ષો અને વનસંરક્ષણના મહત્ત્વ વિશે જાગૃતિ લાવવા માટે ઉજવાતા વન મહોત્સવ છે.

આ પહેલ સમુદાયના સભ્યોને વૃક્ષારોપણની ઝુંબેશ સાથે જોડે છે.

ચાલો, વિચારીએ

- ભારતમાં ઘણા સમાજોમાં સામાજિક ભાગીદારીની સમાન પ્રથા છે. શું તમે તમારા વિસ્તારમાંથી આવી કેટલીક પ્રથા વિશે કહી શકો છો?
- આપણે ભારતમાં ઘણા તહેવારો ઉજવીએ છીએ. તહેવાર દરમિયાન લોકો સાથે મળીને વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન કરવા માટે ભેગા થાય છે. તેઓ સાથે મળીને સ્થળને સુશોભિત કરે છે અને સાથે મળીને ભોજન બનાવે છે અને જમે છે. શું આ બિન-આર્થિક પ્રવૃત્તિઓ છે? તમને શાથી લાગે છે કે આ પ્રથા આજે પણ મહત્ત્વપૂર્ણ છે?
- શું તમે તમારી શાળા દ્વારા અથવા તમારા વિસ્તારમાં હાથ ધરવામાં આવેલા આવા સામુદાયિક કાર્યોને ઓળખી શકો છો? આ કાર્યક્રમોમાં તમે શું જોયું?

આપણે આગળ વધીએ તે પહેલાં...



- આ પ્રકરણમાં, આપણે આર્થિક અને બિન-આર્થિક પ્રવૃત્તિઓ વિશે શીખ્યા.
- આપણે આર્થિક પ્રવૃત્તિઓ થકી થતા મૂલ્યવર્ધન વિશે પણ શીખ્યા.
- બિન આર્થિક પ્રવૃત્તિઓ એ સામાન્ય કલ્યાણ, વ્યક્તિગત સુખાકારી અને જીવનની ગુણવત્તામાં સર્વાંગીણ સુધારો કેવી રીતે કરે છે એ આપણે સમજયા.

પ્રશ્નો, પ્રવૃત્તિઓ અને આપેલા પ્રોજેક્ટ

1. આર્થિક પ્રવૃત્તિઓ બિન-આર્થિક પ્રવૃત્તિઓથી કેવી રીતે અલગ પડે છે?
2. લોકો કેવા પ્રકારની આર્થિક પ્રવૃત્તિઓમાં રોકાયેલા હોય છે? ઉદાહરણ આપીને સમજાવો.
3. સામુદાયિક સેવા પ્રવૃત્તિઓમાં રોકાયેલા લોકો ખૂબ જ આદરણીય છે. આ વિધાન પર ટિપ્પણી કરો.
4. વિવિધ આર્થિક પ્રવૃત્તિઓ માટે લોકોને કેવી રીતે વળતર અપાય છે? તેનાં ઉદાહરણો આપો.

નુડલ્સ Noodles

નોટ્સ (Notes) અને ડૂડલ્સ (Doodles)નો શબ્દ-સંક્ષેપ 'નુડલ્સ'

